# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com    - ૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪/૧૫૮૯૫૦

તા.૨૬/૧૧/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક/ઉ.મા.શાળાઓ

સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ પ્રાથમિક શાળાઓ તરફ.

વિષયઃ- બાળ વિવાહ મુકત ભારત અભિયાન બાબત.

સંદર્ભઃ- કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,સુરત કચેરીનો પત્ર ક્રમાંક નં.સ.સુ./બાળ વિવાહ મુકત અબિયાન/વશી.૯૭૨/૨૦૨૪ તા.૨૬/૧૧/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે મે અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અફિકારીતા વિભાગ,ગુજરાત સરકારના સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબ રીટ પિટિશન (સિવિલ) ક્રમાંક ૧૨૩૪ 1234 of 2017 ‘સોસાયટી ફોર એનાલાઇટનમેન્ટ એન્ડ વોલન્ટરી એકશન & અધર વિરુદ્ર યુનિયન ઓફ ઈન્ડિયા & અધરમાં માનનીય મંત્રીશ્રી,મહિલા અને બાળ વિકાસ મંત્રાલય,ભારત સરકારદ્વારા ૨૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ વિજ્ઞાન ભવન,નવી દિલ્હી ખાતે “બાલ વિવાહ મુકત ભારત”અભિયાન શરૂ કરવામાં આવનાર છે. તમામ શાળાઓએ સંદર્ભ દર્શિતપત્ર અંગે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

નકલ સવિનય રવાના જાણ સારૂ.:-

માન,કલેકટરશ્રી,સુરત

# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

**વહિવટ શાખા, બી-૪, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.**

**ફોન નં. ૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ નં. ૨૬૫૫૭૫૭**

**Email :- collector-sur@gujarat.gov.in**
**56.vahivatsurat@gmail.com**


નં.સ.સુ./બાળ વિવાહ મુક્ત અભિયાન/વશી.૯૭૨/૨૦૨૪ તા.૨૬/૧૧/૨૦૨૪

પ્રતિ,

1. મે.પુર્ણકાલીન સચિવ સાહેબશ્રી, જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જીલ્લા ન્યાયાલય, સુરત
2. મે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.
3. મે.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત.
4. મે.પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર, સુરત
5. મે.પોલીસ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્ય, જિ.સુરત.
6. પ્રેસીડેન્ટશ્રી, સુરત ડીસ્ટ્રીક્ટ બાર એસોસીએસન, સુરત
7. પ્રેસીડેન્ટશ્રી, સુરત એડવોકેટ ડીસ્ટ્રીક્ટ એસોસીએસન, સુરત.
8. **સંકલન અધિકારીશ્રી તમામ, જિ.સુરત.**

વિષય :- <u>બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન બાબત.</u>

સંદર્ભ :- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર ના ક્રમાંક:SJED/POC/e-file/17/2024/2542/CHH Seશ્રion, તા.૨૫/૧૧/૨૦૨૪

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જાણાવવાનું કે, મે.અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારના સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબ રીટ પિટિશન (સિવિલ) ક્રમાંક 1234 of 2017 'સોસાયટી ફોર એનલાઈટનમેન્ટ એન્ડ વોલન્ટરી એકશન & અધર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા & અધરમાં માનનીય સુપ્રિમ કોર્ટ દ્વારા આપેલ ચુકાદાના સંદર્ભમાં અને આ બાબતને ધ્યાનમાં રાખતા કે બાળલગ્ન માનવ અધિકારોના ઉલ્લંઘનના સૌથી ખરાબ સ્વરૂપોમાંથી એક છે અને તે માનનીય પ્રધાનમંત્રી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ "વિકસિત ભારત' ના હેતુને સિદ્ધ કરવામાં અવરોધક છે જે સંદર્ભમાં **<u>માનનીય મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ૨૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે 'બાળ વિવાહ મુક્ત ભારત' અભિયાન શરૂ કરવામાં આવનાર છે.</u>**

"બાળ વિવાહ મુક્ત ભારત- અભિયાન અંતર્ગત કરવાની થતી કાર્યવાહી માટે મહત્વપૂર્ણ હિતધારકો જેવા કે. **ચુંટાયેલ ગ્રામ પંચાયતના સદસ્યો, સ્કૂલ-કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, આશાવર્કરો, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વકીલશ્રીઓ, આંગણવાડી વર્કરો, હેલ્થવર્કરો ધાર્મિક નેતાઓ, બાળ કલ્યાણ સંસ્થાઓ, રાજ્ય બાળ સંરક્ષણ આયોગ વગેરે તેમજ સામાજિક આગેવાનોને** સાથે રાખી **<u>પ્રતિજ્ઞા લેવડાવવા તથા તેના ફોટોગ્રાફ્સ અપલોડ કરવા સુચના આપવામાં આવેલ છે.</u>** બાળલગ્નો દૂર કરવા માટે 'સંપૂર્ણ સરકાર' અને "સંપૂર્ણ સમાજ અભિગમ સાથે **<u>તા.૨૭/૧૧/૨૦૨૪</u>** ના દિવસે જિલ્લા કક્ષાનું તમામ વહિવટીતંત્ર તેમજ સમાજના દરેક વર્ગના લોકો આ અભિયાનમાં જોડાય તેમજ બાળલગ્નો ન થાય તે અંગે પ્રતિજ્ઞા લે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આ સાથે સામેલ શપથ મુજબ પ્રતિજ્ઞા લેવડાવવા અંગેનું આયોજન કરવા વિનંતી છે.

કલેક્ટર સુરત વતી

**<u>જય ભારતસહ નકલ રવાના</u>** :-

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(પંચાયત), જિલ્લા પંચાયતની કચેરી, જિ.સુરત.

૨/- ઉપરોક્ત અભિયાન અનુસંધાને તા.૨૭/૧૧/૨૦૨૪ના રોજ તમામ ગ્રામપંચાયત ખાતે ગ્રામ સભાનું આયોજન કરવા સંબંધીતોને જરૂરી સુચના અપાઈજવા વિનંતી છે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સીટી તમામ, જિ.સુરત

૨/-ઉપરોક્ત બાબતે શાળા તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ખાસ બાળ વિવાહ મુક્ત અભિયાનમાં જોડાય તે અંગેનું આયોજન કરવા આપની કક્ષાએથી સંબંધીતોને જરૂરી સુચના આપવા વિનંતી છે.

**મોહમ્મદ શાહિદ,** આઈ.એ.એસ.
**અગ્ર સચિવ**

૨૬૪૨/CHH Section
ક્રમાંક : SJED/Post-file/17/2024/
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ગુજરાત સરકાર**
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. ૨૫/૧૧/૨૦૨૪

**વિષય :- 'બાળવિવાહ મુક્ત ભારત' અભિયાન બાબત**

સંદર્ભ :- (૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારનો D.O. No.138/2020-WW-Part(1) Dt. 08/11/2024

સ્નેહીશ્રી,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્રની નકલ આ સાથે સામેલ રાખી જણાવવાનું કે, રીટ પિટિશન (સિવિલ) ક્રમાંક 1234 of 2017 'સોસાયટી ફોર એનલાઇટનમેન્ટ એન્ડ વોલન્ટરી એકશન & અધર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા & અધરમાં માનનીય સુપ્રિમ કોર્ટ દ્વારા આપેલ ચુકાદાના સંદર્ભમાં અને આ બાબતને ધ્યાનમાં રાખતા કે બાળલગ્ન માનવ અધિકારોના ઉલ્લંઘનના સૌથી ખરાબ સ્વરૂપોમાંથી એક છે અને તે માનનીય પ્રધાનમંત્રી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ 'વિકસિત ભારત' ના હેતુને સિદ્ધ કરવામાં અવરોધક છે. જે સંદર્ભમાં **માનનીય મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ૨૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે 'બાળ વિવાહ મુક્ત ભારત' અભિયાન શરૂ કરવામાં આવનાર છે,** જે બાળલગ્નો દૂર કરવા માટે 'સંપૂર્ણ સરકાર' અને 'સંપૂર્ણ સમાજ' અભિગમ સાથે આ મુદ્દે જાગૃતિ વધારવા માટે છે."

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારના સંદર્ભ દર્શિત પત્ર સાથે "બાળ વિવાહ મુક્ત ભારત" અભિયાન અંતર્ગત કરવાની થતી કાર્યવાહી માટે પીપીટી મોકલી આપેલ છે, જે આ સાથે સામેલ રાખેલ છે. પીપીટીની સ્લાઇડ નં. ૦૨ અને ૦૩ મુજબ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ 'બાળ વિવાહ મુક્ત ભારત' અંગે મહત્વપૂર્ણ હિતધારકો જેવા કે, ચુંટાયેલ ગ્રામ પંચાયતના સદસ્યો, સ્કૂલ-કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, આશાવર્કરો, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વકીલશ્રીઓ, આંગણવાડી વર્કરો, હેલ્થવર્કરો ધાર્મિક નેતાઓ, બાળ કલ્યાણ સંસ્થાઓ, રાજ્ય બાળ સંરક્ષણ આયોગ વગેરે તેમજ સામાજિક આગેવાનોને સાથે રાખી પ્રતિજ્ઞા લેવડાવવા તથા તેના ફોટોગ્રાફ્સ અપલોડ કરવા જણાવવામાં આવે છે. બાળલગ્નો દૂર કરવા માટે 'સંપૂર્ણ સરકાર' અને 'સંપૂર્ણ સમાજ' અભિગમ સાથે તા.૨૭/૧૧/૨૦૨૪ ના દિવસે જિલ્લા કક્ષાનું તમામ વહિવટીતંત્ર તેમજ સમાજના દરેક વર્ગના લોકો આ અભિયાનમાં જોડાય તેમજ બાળલગ્નો ન થાય તે અંગે પ્રતિજ્ઞા લે તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે, વધુમાં જિલ્લા કક્ષાએ "બાળ

વિવાહ મુક્ત ભારત" અભિયાનનું સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર વધુમાં વધુ પ્રચાર થાય તે મુજબ આયોજન હાથ ધરવા જણાવવામાં આવે છે. બાળલગ્નો ન થાય તે અંગે પ્રતિજ્ઞા લેવા MyGov/MyBharat વેબસાઇટનો ઉપયોગ કરવાનો રહેશે.

બિડાણ :- (૧) સંદર્ભ પત્રની નકલ

(૨) એકશન પોઇન્ટનું PPT

(મોહમ્મદ શાહિદ)

પ્રતિ,

જિલ્લા કલેકટરશ્રી,

તમામ જિલ્લા

નકલ સવિનય રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાણ થવા સારૂ.

# બાળ લગ્ન માટેના શપથ

બાળ લગ્ન એક સામાજીક દુષણ અને ગેર કાનુની છે. જે છોકરીઓના અભ્યાસ, સુરક્ષા, તદુરસ્તી અને વિકાસમા અડચણરૂપ છે તથા એમના સપના ને સાકાર કરવામા  રૂકાવટરૂપ છે.

એમના માટે  હુ  પ્રતિક્ષા લઉ છુ કે

- હુ બાળ લગ્ન અટકાયત ની સામે તમામ પ્રકારના પ્રયત્ન કરીશ.
- હુ ખાતરી આપુ છુ કે મારા પરિવારમા  પાડોશમા અને સમાજમા કોઈ છોકરીના બાળ લગ્ન ન થવા દઈશ
- હુ એવા કોઈ પણ બાળ લગ્ન ની માહિતી પંચાયત  અને સરકારી વિભાગને આપીશ.
- હુ બાળકોના  અભ્યાસ, સુરક્ષાને લઈ મારો પોતાનો અવાજ બુંલદ કરીશ કે બાળ વિવાહ ( લગ્ન) મુક્ત ભારત દેશનુ નિર્માણ કરીશ

બાળ લગ્ન મુક્ત ભારત

बाल विवाह
मुक्त भारत
CHILD MARRIAGE FREE BHARAT

# बाल विवाह के खिलाफ शपथ

**बाल विवाह एक सामाजिक बुराई और अपराध है, जो बालिकाओं की शिक्षा, सुरक्षा, स्वास्थ्य और विकास में बाधा है, तथा उनके सपनों को साकार होने से रोकती है।**

**इसलिए मैं शपथ लेता /लेती हूँ कि...**

- मैं बाल विवाह के खिलाफ हर संभव प्रयास करूंगा/करूंगी
- सुनिश्चित करूंगा/करूंगी कि मेरे परिवार, पड़ोस और समुदाय में किसी बालिका का बाल विवाह न होने पाए
- मैं ऐसे किसी भी बाल विवाह के प्रयास की सूचना पंचायत और सरकार को दूंगा/दूंगी।
- मैं बच्चों की शिक्षा एवं सुरक्षा के लिए भी अपनी आवाज बुलंद करूंगा/करूंगी और बाल विवाह मुक्त भारत का निर्माण करूंगा/करूंगी।

**#ChildMarriageFreeBharat**